છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૯ મી.મી. વરસાદ વરસ્યો

જેતપુરપાવી તાલુકામાં ૭૨ મી.મી. અને સૌથી ઓછો સંખેડા તાલુકામાં ૨૧ મી.મી. વરસાદ

જિલ્લામાં આત્યાર સુધી કુલ ૨૯.૪૦% વરસાદ નોંધાયો

(પ્રતિનિધિ) સંખેડા, તા.31

છોટાઉદેપુર જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વચ્ચે તા. ૩૧ જુલાઈના રોજ સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૩૨૯ મી.મી. વરસાદ વરસ્યો છે.

છોટાઉદેપુર જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, કલેક્ટર કચેરી દ્વારા તા.૩૧ જુલાઈ ૨૦૨૬ સુધીના જિલ્લાના વરસાદી

આંકડા અને જળાશયોના લેવલ અંગેની જાહેર કરવામાં આવેલી માહિતી પ્રમાણે સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં અત્યાર સુધીમાં મોસમનો કુલ ૨૯.૪૦ ટકા સરેરાશ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જિલ્લાનો મોસમનો કુલ એકંદર વરસાદ ૨૨૦૯ મી.મી. સુધી પહોંચ્યો છે.

છોટાઉદેપુર જિલ્લાના વિવિધ તાલુકાઓમાં નોંધાયેલા વરસાદમાં સૌથી વધુ વરસાદ જેતપુર પાવી તાલુકામાં ૭૨ મી.મી. નોંધાયો છે. આ ઉપરાંત ક્વાંટ તાલુકામાં ૬૭ મી.મી. અને નસવાડી તાલુકામાં ૬૦ મી.મી. જેટલો વરસાદ વરસ્યો છે. અન્ય તાલુકાઓમાં છોટાઉદેપુરમાં ૫૩ મી.મી., કદવાલમાં ૩૩ મી.મી., બોડેલીમાં ૨૩ મી.મી. તેમજ સંખેડા તાલુકામાં ૨૧ મી.મી. વરસાદ નોંધાયો છે.

આ વર્ષની સીજનમાં અત્યાર સુધી જેતપુર પાવી તાલુકામાં સૌથી વધુ ૪૬૧ મી.મી. વરસાદ થયો છે. તદુપરાંત બોડેલી તાલુકામાં ૩૯૯ મી.મી., ક્વાંટમાં ૩૦૨ મી.મી., સંખેડામાં ૨૮૪ મી.મી., કડવાલમાં ૨૬૮ મી.મી., છોટાઉદેપુરમાં ૨૫૧ મી.મી. અને નસવાડી તાલુકામાં ૨૪૪ મી.મી. વરસાદ નોંધાયો છે.

વરસાદી સ્થિતિ વચ્ચે હાલ. સૂખી ડેમની ભયજનક સપાટી ૧૪૭.૮૨ મીટર છે, સામે આજનું લેવલ ૧૪૬.૧૧ મીટર નોંધાયું છે. જ્યારે રામી ડેમની ભયજનક સપાટી ૧૯૬.૩૫ મીટર છે, સામે આજનું વોટર લેવલ ૧૮૯.૬૬ મીટર રહેવા પામ્યું છે. જિલ્લા પ્રશાસન દ્વારા તમામ નદી-નાળા અને જળાશયો પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

ડબકાના તળિયા ભાઠા વિસ્તારના પરિવારોને ગંભીરા શાળામાં સુરક્ષિત આશ્રય અપાયો

પાદરામાં વહેલી સવારથી વરસાદ, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

મહીસાગર કાંઠા વિસ્તારના ૭૬ લોકોનું સ્થળાંતર, મહીસાગર નદીના જળસ્તર પર તંત્રની સતત નજર

(પ્રતિનિધિ) પાદરા, તા.31

પાદરા તાલુકામાં વહેલી સવારથી જ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરતાં શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં સારો વરસાદ નોંધાયો હતો. સતત વરસી રહેલા વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી, જ્યારે મહીસાગર નદીના જળસ્તરમાં વધારો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર એલર્ટ મોડમાં આવ્યું હતું.

પાદરા તાલુકાના ડબકાના તળિયા ભાઠા વિસ્તારમાં વસવાટ કરતા કુલ 76 લોકોને

સુરક્ષાના હેતુથી સ્થળાંતર કરવામાં આવ્યું હતું. મહીસાગર નદીના સામે કાંઠે રહેતા આ પરિવારોને સંભવિત પૂરની સ્થિતિથી બચાવવા માટે વહીવટી તંત્ર, પોલીસ અને સ્થાનિક ટીમોએ સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

સ્થળાંતર કરાયેલા તમામ લોકોને નજીકના ગંભીરા ગામની શાળામાં અસ્થાયી આશ્રય આપવામાં આવ્યો છે. ત્યાં રહેવા, પીવાના પાણી, ભોજન તેમજ અન્ય જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાનું તંત્ર દ્વારા જણાવાયું છે.

મહીસાગર નદીના કાંઠાના નીચાણવાળા વિસ્તારોમાં દર વર્ષે ચોમાસા દરમિયાન પૂરની સ્થિતિ સર્જાતાં અહીં રહેતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. દર વર્ષે સ્થળાંતરની સમસ્યા ઉભી થતી હોવાથી સ્થાનિક લોકો કાયમી ઉકેલની માંગણી પણ કરી રહ્યા છે.

હવામાન વિભાગ દ્વારા આગામી કલાકોમાં પણ ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. નદીના જળસ્તર પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂર પડે તો વધુ સ્થળાંતરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે. લોકોને નદી કાંઠે જવાનું ટાળવા તેમજ તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

ઝાલાવાડનો કોઝવે ધોવાતા વાહનવ્યવહાર ઠપ્પ

કોઝવે ધોવાતા પ્રસૂતા અને નવજાતને ૨ કિમી પગપાળા ઘરે પહોંચાડ્યા

ઝાલાવાડ ગામનો રસ્તો બંધ થતાં આરોગ્ય ટીમ અને આશા વર્કરોએ ભારે વરસાદ વચ્ચે નિભાવ્યું માનવતાનું કર્તવ્ય

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.31

છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકામાં અનરાધાર વરસાદને કારણે મોટી સાંકળ નજીક આવેલા ઝાલાવાડ ગામનો કોઝવે ધોવાઈ જતા રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. આ પ્રશ્નો વર્ષોથી યથાવત છે જેને લઈ ક્વાંટ જિલ્લા પંચાયત બેઠકના જિલ્લા પંચાયત સદસ્ય આ બાબતે સમાન્ય

સભામાં પ્રશ્નો મુકતા તંત્ર દ્વારા સિદ્ધાંતીક કારણે પ્રશ્નો કાઢી મુકતા તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ના કરાતા પસુતિ મહિલાને આની અસર પડી હતી. પ્રસૂતા મહિલા તેનું નવજાત બાળક અને આરોગ્ય કર્મચારીઓ વચ્ચે સંપર્ક તૂટી ગયો હતો. જે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગની ટીમ અને આશા વર્કરોએ માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું. વાહનવ્યવહાર અશક્ય બનતા તેઓએ પ્રસૂતા દુર્ગાબેન મેહુલ તડવી અને તેમના નવજાત બાળકને સાથે લઈને અંદાજે બે કિલોમીટર સુધી પગપાળા ચાલીને સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડ્યા હતા. આ કામગીરીમાં આશા વર્કર કૈલાસબેન જયરામ રાઠવા સહિત આરોગ્ય કર્મચારીઓએ ભારે વરસાદ અને મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે ફરજ પ્રત્યેની નિષ્ઠા અને માનવતાનું અનોખું ઉદાહરણ રજૂ કર્યું. આ ઘટનાએ વરસાદી આપત્તિ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ સામે ઊભા થતા પડકારો તેમજ મૂળભૂત સુવિધાઓની જરૂરિયાતને ફરી એકવાર ઉજાગર કરી છે. જ્યારે તંત્રના અધિકારીઓ આ બાબતે ધ્યાન આપે અને કોઝવે ઉપર પુલ બનાવી આપે તેવી માંગ ઉઠી છે.

બોડેલીમાં મેઘરાજા મહેરબાન, પાકને મળ્યું જીવનદાયી પાણી

વાવેલા પાક માટે વરસાદ બન્યો આશીર્વાદ, ખેતરોમાં પૂરતું પાણી પહોંચતાં ખેડૂતોમાં આશા જાગી

(પ્રતિનિધિ) બોડેલી, તા. 31

બોડેલી નગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પડેલા ધોધમાર વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદને કારણે ખેતરોમાં પૂરતા પ્રમાણમાં પાણી પહોંચતાં વાવેલા પાકને નવજીવન મળ્યું છે, જ્યારે વરસાદ બાદ સમગ્ર વિસ્તારમાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

સતત વરસાદને પગલે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને લોકોને ગરમી તથા ઉકળાટમાંથી રાહત મળી છે.

ખેડૂતોનું કહેવું છે કે આ વરસાદ ખેતી માટે આશીર્વાદરૂપ સાબિત થશે અને પાકના વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે. જોકે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ પણ સર્જાઈ છે, તેમ છતાં કૃષિ માટે આ વરસાદ લાભદાયી માનવામાં આવી રહ્યો છે. રાજ્યમાં ૩૧ જુલાઈએ ભારે વરસાદની આગાહી વચ્ચે મધ્ય ગુજરાત સહિત છોટાઉદેપુર જિલ્લામાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે. હવે જોવું રહ્યું કે આવનારા સમયમાં કેટલોક વરસાદ ખાબકે છે.

વાઘોડિયા નગરમાં વહેલી સવારે મેઘરાજાની ધબરાટી

વાઘોડિયા માડોધર રોડ પર ગુટણ સમા પાણી ફરી વળતા વાહન ચાલકો અટવાયા

માત્ર બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ, માડોધર રોડ જળબંબાકાર બન્યો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.31

તાલુકામાં બીજા ઈનિંગમાં મેઘરાજાનોનું ધમાકેદાર આગમન થયું હતું. માત્ર બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ થી નવીન બનાવેલ માડોધર રોડ બેટ માં ફેરવાયો હતો. નિચાનવાળી સોસાયટીઓમાં પાણી ભરાયા હતા. વહેલી સવારે રોડ પર ફરી વળેલા પાણીના કારણે નોકરિયાત વર્ગને ભારે હાલાકી નો સામનો કરવાનો વખત આવ્યો હતો કેટલાક વાહન ચાલકોના વાહનો ખોટકાય પડ્યા હતા. જોકે હવામાન વિભાગની આગાહી

અને કલેકટરના જાહેરનામા બાદ અતિ ભારે વરસાદની આગાહીના પગલે વહીવટી તંત્ર સજાગ હતું. તાત્કાલિક પાણીના નિકાલ માટે ચીફ ઓફિસર અને કોર્પોરેટર પાણી ભરાયેલ વિસ્તારમાં પહોંચી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરતા બે ત્રણ કલાકમાં પાની ઓસરી ગયા હતા. આટલા વર્ષોમાં ક્યારેય આ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ ન હતી જો કે નવીન બનાવેલ આરસીસી રોડમાં લેવલીંગનું ધ્યાન ચુકતા કાયમી સમસ્યા આ વિસ્તારના રહીશો અને વાહન ચાલકોને રહેવાની છે. દોઢ ઈંચ વરસાદમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી.મોસમનો કુલ વરસાદ 264 એમએમ સરકારી દફતરે નોંધાવા પામ્યો છે.

કોસીન્દ્રા-ઉટકોઈ-ભાખા માર્ગ પર નાળુ વરસાદી પાણીમાં ધોવાયું

નાળુ ધોવાઈ જતાં ભાખા તરફનો માર્ગ જોખમી બન્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 31

બોડેલી સહિત સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં ગત રાત્રિથી સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે કોસીન્દ્રા-ઉટકોઈ ગામ પાસે આવેલું નાળુ વરસાદી પાણીમાં ધોવાઈ ગયું છે. ઉટકોઈથી ભાખા જતો માર્ગ પણ ભારે નુકસાન પામતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. સતત વરસાદને કારણે માર્ગ પર મોટા ખાડા પડી ગયા છે. નાળા ઉપરથી વરસાદી પાણી ફરી વળતાં વાહનોની અવરજવર જોખમી બની છે, જેના કારણે ગ્રામજનો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી

રહ્યો છે. હાલ આ માર્ગ પરથી પસાર થવું જોખમકારક બન્યું છે. હવામાન વિભાગની આગાહીના આધારે આજથી છોટાઉદેપુર જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બોડેલી વિસ્તારમાં ગત રાત્રે બે ઈંચથી વધુ વરસાદ નોંધાતા અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે તેમજ વિવિધ માર્ગોને નુકસાન પહોંચ્યું છે. સ્થાનિક લોકોએ તંત્રને નાડા અને માર્ગનું તાત્કાલિક સમારકામ કરવા, વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા તેમજ સ્થળ પર જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની માંગ કરી છે.

બહાદરપુર-હરેશ્વર-ખેરવાડી પર સંપૂર્ણ વાહન વ્યવહાર બંધ કરી ડાયવર્ઝન અંગેનું જાહેરનામું

(પ્રતિનિધિ) સંખેડા, તા.31

કાર્યપાલક ઈજનરેશ્રી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના હસ્તકના સંખેડા તાલુકાના બહાદરપુર-હરેશ્વર-ખેરવાડી રોડ પર આવેલ હયાત ૩ સ્પાનનું સ્લેબ ડ્રેઈન (માઈનોર બ્રીજ) અત્યંત જર્જરીત અવસ્થામાં છે. સ્ટ્રક્ચર રબલ મેસનરી ધરાવે છે. બ્રીજનું કન્સલ્ટન્ટશ્રી "ગ્રીન ડીઝાઈન" દ્વારા ઈન્સ્પેક્શન કરાવવામાં આવેલ છે. કન્સલ્ટન્ટના વિગતવાર રિપોર્ટમાં આ બ્રીજને ક્રિટીકલ કન્ડશનમાં મુકવામાં આવેલ છે. અકસ્માત નિવારવા તથા જાહેર જનતાની સલામતી હેતુ આ માઈનોર બ્રીજ પરથી ભારદારી (ભારે) વાહનોની અવરજવર તાત્કાલિક અરસથી સંપૂર્ણ બંધ કરવા માટે ભલામણ કરવામાં આવેલ છે.

ઉપરવાસના ભારે વરસાદથી બોડેલીમાં હેરણ નદી બે કાંઠે વહેતી થઈ

નદી-નાળા અને કોઝવે નજીક ન જવા તંત્રની અપીલ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 31

જિલ્લાના ઉપરવાસમાં સતત પડી રહેલા ભારે વરસાદના પગલે બોડેલીમાંથી પસાર થતી હેરણ નદી સિઝનમાં પ્રથમ વખત બે કાંઠે વહેતી જોવા મળી રહી છે. બોડેલી તાલુકાના નાકોસીન્દ્રા-ચિખોદરા વિસ્તાર પાસેથી પસાર થતી હેરણ નદીમાં પાણીની આવક નોંધપાત્ર રીતે વધતા નદી છલકાઈ છે. ઉપરવાસમાં સતત વરસાદને કારણે જળસ્તરમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે, જેના કારણે નદીના કાંઠા વિસ્તારોમાં સાવચેતીનો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહીના આધારે

આજથી છોટાઉદેપુર જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બીજી તરફ બોડેલી પંથકમાં રાત્રિ દરમિયાન અંદાજે 4 ઈંચ જેટલો વરસાદ નોંધાતા નદી-નાળાઓમાં નવા નીરની આવક થઈ છે અને અનેક જળાશયોના જળસ્તરમાં પણ વધારો નોંધાયો છે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને નદીના કિનારે ન જવા, નીચાણવાળા વિસ્તારોમાં વિશેષ સાવચેતી રાખવા તેમજ નદી-નાળા અને કોઝવે પરથી પાણી વહેતું હોય ત્યારે તેને પાર કરવાનો પ્રયાસ ન કરવા અપીલ કરવામાં આવી છે.

નર્મદાના જળસ્તર વધવાની આશંકાએ શિનોર તંત્ર એલર્ટ

(પ્રતિનિધિ) શિનોર, તા.31

શિનોર ના ઝાંઝડ ગામ પાસેથી પસાર થતી નર્મદા કિનારે આવેલ અનસૂયા માતાજી મંદિરે આવેલ ૧૫ થી ૨૦ જેટલી કાચી દુકાનો ખાલી કરાવાઈ. જ્યારે શિનોર ના બરકાલ ગામ પાસેથી પસાર થતી નર્મદા નદી કિનારે આવેલ વ્યાસબેટ માં રહેતું ૧૨ લોકો ના પરિવાર નું સ્થળાંતર કરાયું. નર્મદા નદી કિનારે આવેલ વ્યાસબેટ પરથી બરકાલ ગામે ૧૨ લોકો નું સ્થળાંતર કરાયું. શિનોર મામલતદાર તંત્ર ના સાવચેતી ના ભાગરૂપે સ્થળાંતર કરાવાયું. શિનોર માંથી પસાર થતી નર્મદા નદી માં કરજણડેમમાથીછોડવામાઆવેલુ પાણીઅનેઓરસંગ નદી ના પાણી ની ભારે આવક સહિત ભારે વરસાદ ની આગાહી ને લઈ શિનોર તંત્ર એલર્ટ મૂળમાં.

ઉચ્છ નદી સીઝનમાં બીજી વાર બે કાંઠે, સ્થાનિકોએ નવા નીરનાં વધામણાં કર્યા

ઉપરવાસના ભારે વરસાદથી જળસ્તરમાં મોટો વધારો

(પ્રતિનિધિ) સંખેડા, તા. 31

છોટાઉદેપુર જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ જોવા મળી રહી છે. જિલ્લામાં પડેલા ધોધમાર વરસાદને પગલે ઉચ્છ નદીમાં ચાલુ સીઝનમાં પહેલી વાર નવા નીરની તોતિંગ આવક થઈ છે. સંખેડા પાસે ઉચ્છ નદી બંને કાંઠે પ્રચંડ વેગ સાથે વહેતી હોવાથી આસપાસના ખેડૂતો અને ગ્રામજનોમાં ખુશીનો માહોલ છવાયો છે. નદીમાં નવા પાણી આવતા જ સ્થાનિકો અને યુવાનોએ નદી કિનારે પહોંચીને નીરના વધામણા કર્યા હતા.

જિલ્લામાં સાર્વત્રિક વરસાદી માહોલ વચ્ચે સંખેડા તાલુકામાં

૨૧મીમી જેતપુર પાવી તાલુકામાં૭૨ મી મીજેટલો વરસાદ ખાબક્યો છે. ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે ઉચ્છ નદીના જળસ્તરમાં અચાનક મોટો ઉછાળો આવ્યો છે. ચાલુ ચોમાસાની સીઝનમાં આ બીજી એવો મોકો છે. ઉચ્છ નદી સંખેડા પાસે બંને કાંઠે હિલ્લોળા લેતી જોવા મળી રહી છે. ઉચ્છ નદી આ વિસ્તારના ખેડૂતો માટે સિંચાઈનું આશીર્વાદરૂપ સાધન ગણાય છે. નદી જીવંત થતાં જ આગામી સમયમાં ભૂગર્ભ જળ ઊંચાં આવશે. ખેતીને મોટો ફાયદો થશે. એવી આશાએ જગતનો તાત હરખાયો છે.

નદી-નાળા છલકાયા, આગામી 24 કલાક ભારે વરસાદની આગાહી વચ્ચે તંત્ર એલર્ટ

ક્વાંટ સહિત છોટાઉદેપુરમાં ધોધમાર વરસાદ, કરા નદી બે કાંઠે, મામલતદાર કચેરીમાં ઘૂંટણસમા પાણી

(પ્રતિનિધિ) ક્વાંટ, તા.31

હવામાન વિભાગની આગાહી મુજબ છોટાઉદેપુર જિલ્લામાં ગત રાત્રિથી જ વરસાદી માહોલ જામ્યો હતો. ખાસ કરીને ક્વાંટ તાલુકામાં મધરાત બાદ વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસતા અનેક ગામોમાં પાણી ભરાઈ ગયા હતા. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે તાલુકાની મુખ્ય કરા નદીમાં નવા નીરની નોંધપાત્ર આવક થતાં નદી બંને કાંઠે વહેતી થઈ હતી. નદીના જળસ્તરમાં આવેલા વધારાને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં સ્થાનિક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ભારે વરસાદની અસર વહીવટી

કામગીરી પર પણ જોવા મળી હતી. ક્વાંટ મામલતદાર કચેરીમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં કામગીરી ખોરવાઈ હતી. તાલુકાના અનેક ગ્રામ્ય માર્ગો પર વરસાદી પાણી ફરી વળતાં વાહનવ્યવહાર ધીમો પડ્યો હતો અને કેટલાક વિસ્તારોમાં લોકોને અવરજવરમાં મુશ્કેલી પડી હતી. ખેતરોમાં પણ વરસાદી પાણી ભરાઈ જતાં ખેડૂતોમાં પાકને લઈને ચિંતા વ્યાપી છે, જોકે જળાશયોમાં પાણીની આવક વધતાં સિંચાઈ માટે આશા પણ જાગી છે. હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન પણ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. તેને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્રને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. તંત્ર દ્વારા નદી-નાળા, કોઝવે અને પાણી ભરાયેલા માર્ગો પરથી પસાર ન થવા તેમજ સાવચેતી રાખવા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

એક્સપ્રેસહાઈવેપર ટેમ્પાની ટક્કર, બે ગંભીર ઈજાગ્રસ્ત

બગડેલી કારનું રિપેરિંગ દરમિયાન અકસ્માત, અજાણ્યા ચાલક સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) પાદરા, તા. 31

પાદરા તાલુકાના સરસવણી ગામની સીમમાં આવેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ભારત પેટ્રોલ પંપ સામે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા પાદરા પોલીસ મથકે અજાણ્યા આયશર ટેમ્પાના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ગતરોજ અબ્દુલભાઈ ગુલાબભાઈ મમાણી અને રજાકભાઈ અબ્દુલભાઈ મમાણી પોતાની ઈકો કાર હાઈવે પર બગડી જતાં રોડની ત્રીજી લેનમાં ઉભી રાખી તેનું રિપેરિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન આયશર ટેમ્પો નો ચાલક બેદરકારીપૂર્વક અને પૂરઝડપે વાહન હંકારી લાવી ઈકો કાર સાથે ધડાકાભેર અથડાયો હતો.

અકસ્માતની અસર એટલી ગંભીર હતી કે બંને વ્યક્તિઓ હવામાં ફંગોળાઈ ગયા હતા. અબ્દુલભાઈને માથામાં ગંભીર ઈજા તેમજ જમણા પગના થાપાના ભાગે ફ્રેક્ચર થયું હતું, જ્યારે રજાકભાઈને કમરના ભાગે ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ફરિયાદી અમન રહીમભાઈ ભાડુલાએ જણાવ્યું હતું કે, હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ગતરોજ પાદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

OBM અને લાઈફ જેકેટની મદદથી સફળ રેસ્ક્યૂ ઓપરેશન

નસવાડીમાં અશ્વિની નદીના ધસમસતા પ્રવાહમાંથી યુવકનો NDRFએ જીવ બચાવ્યો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.31

ગઈકાલે રાત્રે પડેલા ભારે વરસાદના કારણે છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં આવેલ વાલપુરા ગામમાંથી વહેતી અશ્વિની નદીના કોતરમાં અચાનક પાણીનું વહેણ વધી ગયું હતું. આ ધસમસતા પ્રવાહ વચ્ચે વાલપુરા ગામના જ રહેવાસી શ્રી સતીશભાઈ કાંતિભાઈ ભીલ અશ્વિની નદીની કોતરમાં ફસાઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતાં જ છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને સ્થિતિની ગંભીરતા સમજીને NDRF (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) ની

ટીમને તુરંત જાણ કરી હતી.

આ ઘટના અંગે વધુ માહિતી આપતા NDRFના અધિકારી બ્રિજેશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, "હવામાન વિભાગની વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને NDRFની ટીમ અગાઉથી જ છોટાઉદેપુર ખાતે તૈનાત કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નસવાડીના વાલપુરા ગામની અશ્વિની નદીના કોતરમાં એક વ્યક્તિ ફસાયાનો મેસેજ મળતાં જ NDRFની ટીમ સમય ગુમાવ્યા વિના સ્થળ પર રેસ્ક્યૂ કામગીરી માટે પહોંચી ગઈ હતી." અશ્વિની નદીના કોતરમાં પાણીનો પ્રવાહ અત્યંત તેજ હોવા છતાં, NDRFની ટીમે અદ્યતન બોટ, OBM (આઉટબોર્ડ મોટર) અને લાઈફ જેકેટ નો ઉપયોગ કરીને અત્યંત સાહસપૂર્વક શ્રી સતીશભાઈ કાંતિભાઈ ભીલ સુધી પહોંચીને તેમને પાણીના પ્રવાહમાંથી સહી-સલામત રીતે બહાર કાઢી સફળ રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર અને NDRFની આ ત્વરિત અને સમયસૂચક કામગીરીના કારણે એક કિંમતી માનવજીવ બચી ગયો છે.